॥ આ સંસ્થામાં આજે સહકાર શબ્દનો અર્થ સાર્થક થાય છે ॥

Amul
The Taste of India

Dudhsagar
The Pride of India

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : ૯ I વર્ષ - ૪ I માર્ચ - ૨૦૨૫ (સળંગ અંક : ૪૪)
www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

2025
International Year of Cooperatives
Cooperatives Build a Better World

# 17 થી વધુ ઉત્પાદનો સાથે દૂધસાગરનો શ્વેત સંસાર

## આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ : 2025 ની ઉજવણીના આરંભે ઓળખો ઉત્તર ગુજરાતની આન-બાન-શાન એવી દૂધસાગરને

### વર્ષ : ૨૦૨૩-૨૪

દૂધ




કુલ ઉત્પાદન :
૬૧૦,૨૩૪.૬૬ મેટ્રીક ટન

### વર્ષ : ૨૦૨૩-૨૪

SMP પાવડર




કુલ ઉત્પાદન :
૧૧,૭૦૨.૫૯ મેટ્રીક ટન



તમને રચનાત્મક કામ કરવામાં વર્ષો લાગે, પણ તેનો નાશ એક જ રાતમાં થતો હોય છે. છતાં, આ હકીકતને ઓળખીને પણ તમારે તમારા કાર્યો કરવા જ પડશે ! લોકો ભલે, તર્કહીન હોય - લોકો ભલે, સ્વાર્થી હોય છતાં પણ તમારે તેમને પ્રેમ કરવો જ પડશે ! આજે ભલે તમે, સારામાં સારૂ કામ કરતા હોવ - તો પણ, લોકો તમારા માથે કોઈ છૂપા અને સ્વાર્થી હેતુ નો આરોપ મુકશે છતાં, તમારે સારા કામ કરતાં જ રહેવું પડશે ! પ્રામાણિક અને સ્પષ્ટ વક્તા બનવાથી તમારી મુશ્કેલીઓ અનેક ઘણી વધી જશે. પણ, તમે હંમેશા પ્રામાણિક અને સ્પષ્ટ વક્તા જ રહેજો. વિશ્વને તમારૂ શ્રેષ્ઠ અર્પણ કરો અને મોં ઉપર લાત ખાવાની તૈયારી પણ રાખો તે છતાં પણ, વિશ્વને તમારૂ શ્રેષ્ઠ અર્પણ કરતાં જ રહેજો ! મહાન વિચારો ધરાવતા - મહાન માણસોને પણ - નાનું મગજ ધરાવતા - નાનામાં નાના માણસો નષ્ટ કરી શકે છે. એ જાણવા છતાં પણ તમે મહાન વિચારો કરતાં રહેજો ! જે નવું છે તે નવું પણ હોય-અને-નવા ના સ્વરૂપમાં જુનું પણ હોય, છતાં પણ તમે રોજ રોજ નવા પ્રયોગો ચાલુ જ રાખજો !!

(સ્વ.ડૉ.વર્ગીસ કુરિયનની અમૂલ ઓફિસમાં મુકાયેલા અમૂલ્ય શબ્દો)

## વર્ષ : ૨૦૨૩-૨૪

### ટેબલ બટર (માખણ)




કુલ ઉત્પાદન : ૧૪,૯૦૯ મેટ્રીક ટન

## વર્ષ : ૨૦૨૩-૨૪

### ઘી



કુલ ઉત્પાદન : ૯૧૯૭ મેટ્રીક ટન

## વર્ષ : ૨૦૨૩-૨૪

### અમૂલ સ્પ્રે પાવડર




કુલ ઉત્પાદન : ૧૯૫૪૬ મેટ્રીક ટન

## વર્ષ : ૨૦૨૩-૨૪

### અમૂલ્યા પાવડર




કુલ ઉત્પાદન : ૯૫૪ મેટ્રીક ટન

## આ એક એવો સમય હતો જ્યારે મહેસાણાની દૂધસાગર ડેરી

# ઉત્તર ગુજરાતના ત્રણ જિલ્લાઓના ગામડાઓને સમૃદ્ધિ બક્ષી રહી હતી.

તા.૮ નવેમ્બર ૧૯૬૦ ના રોજ સ્વ.માનસિંહભાઈ ચૌધરી દ્વારા મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ ની સ્થાપના થઈ ત્યારે તેની સાથે ૧૧ દૂધ મંડળીઓ અને ૫૨૩૨ રૂપિયાનું શેર ભંડોળ હતું અને આટલી ઓછી દૂધ મંડળીઓ તથા અલ્પ ભંડોળ સાથે શરૂ થયેલ દૂધસાગર ડેરી પાસે એ વખતે સરેરાશ માત્ર ૩૦૦૦ લીટર દૂધ આવતું હતું. શરૂઆતના તબક્કામાં આ દૂધને સંસ્થા દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને દૂધ આપવાની પહેલ કરવામાં આવી હતી. ત્યારબાદ, બીજી એપ્રિલ ૧૯૬૩ ના રોજ મહેસાણા ખાતે દૂધસાગર ડેરીની શિલારોપણ વિધી થઈ અને અનુક્રમે ૨૮ ઓક્ટોબર ૧૯૬૪ ના રોજ વિહાર શીતકેન્દ્રની સ્થાપના અને તે પછીના ૧૯૬૫ ના એપ્રિલ મહિનાની બીજી તારીખે મહેસાણા દૂધસાગર ડેરી ખાતે ૩૦ MT ના પ્રથમ પાવડર પ્લાન્ટ અને પેશ્ચ્યુરાઈઝડ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન થયું જેને આપણે હાલમાં N1 તરીકે ઓળખીએ છીએ ત્યારબાદ ૧૯૬૬ માં ભારતના લશ્કર માટે દૂધસાગર ડેરીને પ્રથમવાર ૭૫૦ મેટ્રીક ટન પાવડરનો ઓર્ડર મળ્યો. આ સાથે - સાથે દૂધસાગર ડેરીએ આજ સમયે મહેસાણા શહેરની જનતાને ચોખ્ખું દૂધ પુરૂ પાડવાની શરૂઆત પણ કરી દીધી હતી. ૧૯૬૮ ની ૩૧ ઓક્ટોબર ના રોજ ખેરાલુ શીતકેન્દ્રની સ્થાપના થઈ. ૧૯૬૯ ની ૧૪ ઓક્ટોબરના રોજ બોરીયાવી ખાતે સાગરદાણ કારખાનાનું ખાતમુહૂર્ત થયું અને ૧૯૭૦ ની ૪ નવેમ્બરના રોજ મહેસાણા ડેરીનું વિસ્તૃતિ કરણ કરવામાં આવ્યું અને અહીંથી જ ISI માર્કાવાળા બેબીફુડના ઉત્પાદનની શરૂઆત કરવામાં આવી (દૂધસાગર ડેરીની આ બેબીફુડ પ્રોડક્ટ એ પ્રથમ વેલ્યુએબલ પ્રોડક્ટ હતી) ૧૯૭૨ માં સમયની માંગ પ્રમાણે ૧૭ ઓક્ટોબર ના રોજ બીજા ૩૦MT ના પાવડર પ્લાન્ટની સ્થાપના કરવામાં આવી જે આજે N2 તરીકે ઓળખાય છે અને, અહીંથી સાગરબ્રાન્ડ હેઠળ મુંબઈ સહિત ભારતના મોટા શહેરોમાં દૂધની પેદાશો વેચવાની શરૂઆત થઈ. ૫ મી મે, ૧૯૭૩ માં હાંસાપુર દૂધ શીતકેન્દ્રનો શિલાન્યાસ થયો. ૧૯૭૪ માં 40MT ક્ષમતાના નવીન પાવડર પ્લાન્ટની સ્થાપના થઈ જેને આજે N3 નામ મળ્યું છે. ૧૯૭૬ માં હારીજ દૂધ શીતકેન્દ્રની સ્થાપના ત્યારબાદ આપણી ડેરી દ્વારા પ્રથમવાર દૂધના પાઉચ પેકીંગની ૨૨/૦૩/૧૯૭૮ ના રોજ શરૂ કરવામાં આવી. આ સમયે ડેરીની કાર્યક્ષમતા દૈનિક ૪.૫ લાખ લીટર દૂધની થવા પામી.૧૯૮૦ માં પશુસારવાર માટેની “વાયરલેસ” યોજના તથા ૧૯૮૧ માં ઉબખલ ખાતે સાગરદાણના કારખાનાની શરૂઆત તેમજ શીતકેન્દ્રો સાથે CS અને AH ની પેટાઓફિસો શરૂ થતા જ ડેરીમાં દૂધની આવક અણધારી વધી જતાં ૧૯૮૨ માં ડેરી પ્લાન્ટનું વિસ્તૃતીકરણ કરવાની ફરજ પડી. તા.૧૪ મે ૧૯૮૪ ના રોજ ચોથા પાવડર પ્લાન્ટનું ઉદ્‌ઘાટન થયું જેને આજે આપણે N4 નામે ઓળખીએ છીએ. ૧૯૮૯ માં ગાયના દૂધમાં ૫૯% નો જંગમ વધારો નોંધાયો. આ એક એવો સમય હતો જ્યારે પશુપાલનનો વ્યવસાય ઉત્તર ગુજરાતના ત્રણ જિલ્લાઓ મહેસાણા પાટણ અને ગાંધીનગરના ગામડાઓને સમૃદ્ધિ બક્ષી રહ્યો હતો. ૧૯૯૧ ની ૩૧ જાન્યુઆરીના રોજ મહેસાણા દૂધસાગર ડેરીમાં એ સમયનું સૌથી શ્રેષ્ઠ અને રેકોર્ડ બ્રેક ૧૧.૯૪ લાખ લીટર દૂધનું સંપાદન થયું. ૧૯૯૨ માં ૫૦૦ ગ્રામ ઘીના પાઉચ પેકિંગની શરૂઆત કરવામાં આવી, ૧૯૯૨ માં SCM પ્લાન્ટનો શુભારંભ થયો. જે સંઘ ૧૧ દૂધમંડળીઓથી ૧૯૬૦ માં શરૂ થયો હતો તેની સંખ્યા ૧૦૦૦ દૂધમંડળીઓને આંબી ગઈ અને સભાસદોની સંખ્યા ૩ લાખે પહોંચી.

**જે દૂધ સંઘ 11 દૂધમંડળીઓથી 1960 માં શરૂ થયો હતો તેની સંખ્યા 1000 દૂધમંડળીઓને આંબી ગઈ અને સભાસદોની સંખ્યા 3 લાખે પહોંચી**

દૂધસાગર ડેરી માટે ૯૦ નો દશક એક સુવર્ણકાળ તરીકે પ્રસ્થાપિત થયો. ૧૯૯૦ થી લઈને ૨૦૦૦ ની સાલ સુધીમાં દૂધસાગર એશિયા ખંડની સૌથી મોટી સહકારી ડેરી તરીકે વિશ્વ વિખ્યાત બની. ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓના ગામડાઓ પશુપાલનના વ્યવસાયથી ધમધમતાં બન્યાં. ખેડૂતોને ખેતીની સાથે સાથે પશુપાલનનો ટેકો મળતાં લોકો આર્થિક રીતે સધ્ધર બન્યા. મહિલાઓ પશુપાલન કરી આર્થિક રીતે પગભર થવા પામી. સમાજમાં મહિલા સશક્તિકરણના પગરવ મંડાયા. મહિલાઓનું સન્માન વધ્યું અને આજ કારણોસર, સંસ્થાના એ વખતના સુકાની સ્વ.શ્રી મોતીબાપુને ૧૯૯૮ માં ઈન્દિરાગાંધી પ્રિયદર્શિની એવોર્ડ એનાયત થયો ત્યારબાદ વર્ષ ૨૦૦૦ માં દૂધસાગર ડેરીને ISO અને HACCP ના પ્રમાણપત્રો પ્રાપ્ત થયા.

# ફેબ્રુઆરીમાં છલોછલ સાગર

# ડેરીની દૂધયાત્રા




**ડેરીના ઈતિહાસમાં ફેબ્રુઆરી 2025 નું એવરેજ દૂધ પ્રથમવાર રેકોર્ડબ્રેક 25 લાખ કિલોથી વધુ રહ્યું**



## દૂધસંપાદનનો સૂવર્ણ દિવસ
## GOLDEN DAY OF MILK

**15 ફેબ્રુઆરી 2025 ▶ 25,37,591 લાખ કિલો**




### વર્ષ : ૨૦૨૩-૨૪

**ફ્લેવર્ડ મિલ્ક**




કુલ ઉત્પાદન :
૧૨૦ મેટ્રીક ટન

### વર્ષ : ૨૦૨૩-૨૪

**દહીં**




કુલ ઉત્પાદન :
૨૩,૪૭૧ મેટ્રીક ટન

### વર્ષ : ૨૦૨૩-૨૪

**છાશ**




કુલ ઉત્પાદન :
૫૯,૬૧૫ મેટ્રીક ટન

### વર્ષ : ૨૦૨૩-૨૪

**SCM**




કુલ ઉત્પાદન :
૧૦,૨૯૩ મેટ્રીક ટન

## વર્ષ : ૨૦૨૩-૨૪

### UHT(અમૂલ મોતી)



કુલ ઉત્પાદન :
૬૨,૭૫૧ મેટ્રીક ટન

## વર્ષ : ૨૦૨૩-૨૪

### આઈસ્ક્રીમ




કુલ ઉત્પાદન :
૮૩૫૪ મેટ્રીક ટન

## વર્ષ : ૨૦૨૩-૨૪

### ક્રીમ



કુલ ઉત્પાદન :
૧ મેટ્રીક ટન

## વર્ષ : ૨૦૨૩-૨૪

### કેટલ ફીડ



કુલ ઉત્પાદન :
૨,૬૯,૩૧૩ મેટ્રીક ટન

# BUDGET 2025





## ખેડૂતો ઉપર મોદી મન મૂકીને વરસ્યા કિસાન ક્રેડિટ કાર્ડની મર્યાદા ત્રણ લાખથી વધારી પાંચ લાખ કરવામાં આવી

તાજેતરમાં ભારતની વર્તમાન મોદી સરકારે પોતાના ત્રીજા કાર્યકાળનું સંપૂર્ણ બજેટ - 2025 રજૂ કર્યું. આ બજેટમાં ઘણી રાહતો જાહેર કરવામાં આવી જે પૈકી રોજગાર લક્ષી અને ખેડૂતો લક્ષી જાહેરાતો આકર્ષણનું કેન્દ્ર બની છે. એક તરફ બાર લાખ રૂપિયાના પગાર ઉપર કોઈપણ પ્રકારનો ટેક્સ ન લેવાનું કહેવામાં આવ્યું છે તો બીજી તરફ કરોડો ખેડૂતોના ભવિષ્યને લક્ષમાં રાખી અનેક રાહતો આપવામાં આવી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે પોતાના બજેટમાં ખેડૂતો માટે કિસાન ક્રેડીટકાર્ડની મર્યાદા વધારી દીધી છે અને અગાઉ જે લોનની રકમ રૂા.3 લાખ હતી તે વધારીને રૂા.5 લાખ કરી દીધી છે. આમ, કિસાન ક્રેડીટકાર્ડ ધારક 7 કરોડથી વધુ ખેડૂતોને પ્રત્યેક ક્રેડીટકાર્ડ પ્રમાણે રૂા.2 લાખ વધુની લોન મળવા પાત્ર બનશે. 1 ફેબ્રુઆરીએ રજૂ કરાયેલા આર્થિક સર્વેમાં જણાવવામાં આવ્યું હતું કે ; ગયા વર્ષે એટલે કે માર્ચ 2024 સુધીમાં કિસાન ક્રેડીટકાર્ડની સંખ્યા 7 કરોડથી વધુ હતી. અને લગભગ 10 લાખ કરોડની 2024 માં ખેડૂતોને લોન આપવામાં આવી હતી. દૂધસાગર પત્રિકાના વાંચકોને આ તબક્કે જણાવીએ કે, કિસાન ક્રેડીટકાર્ડની શરૂઆત વર્ષ 1998 માં નાબાર્ડની ભલામણ ઉપર કરવામાં આવી હતી. આ યોજના અનુસાર, ખેડૂતો બીયારણ, ખાતર, જંતુનાશક દવાઓ તેમજ કૃષિ સબંધિત સાધનો ખરીદી શકે છે. ખેડૂતો માટે આ ખૂબ જ લાભદાયી યોજના છે. કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની મોદી સરકારના આગમન બાદ ભારતના ખેડૂતોની આવક બમણી થાય તે પ્રકારના કદમો ઉઠાવાઈ રહ્યા છે. અને, તેના જ એક ભાગરૂપે મોદી સરકારની ત્રીજી ટર્મના આ સંપૂર્ણ બજેટ 2025 માં કિસાન ક્રેડીટકાર્ડથી વધુમાં વધુ ખેડૂતો લાભાંન્વીત થાય તે પ્રકારે ઉદારનીતીને અખત્યાર કરવામાં આવી છે. અગાઉ જે કિસાન ક્રેડીટકાર્ડની મર્યાદા 3 લાખ રૂપિયા હતી તે વધારીને 5 લાખ રૂપિયા કરવાથી ખેડૂતો પોતાની ખેત પેદાશો વધુમાં વધુ ઉત્પન્ન કરી શકશે. જેનાથી કૃષિક્ષેત્રે ભારતને આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવાનો સંકલ્પ સિધ્ધ થાય તેવા સંજોગોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ સાથે સાથે ભારત સરકારે આ વર્તમાન બજેટમાં કિસાન ક્રેડિટ કાર્ડની લોન ઉપર વ્યાજ દર પણ ઘટાડીને 7% કરી દીધો હોવાથી લોન ધારક ખેડૂતો ઉપર આર્થિક ભારણ ઓછું થાય છે. આ યોજનાની સૌથી મોટી ખાસિયત અને પ્રોત્સાહન સભર બાબત એ છે કે ; જે ખેડૂતો સમયસર લોનની ચૂકવણી કરશે તેમને ભારત સરકાર દ્વારા 3% સબસીડી પણ આપવામાં આવશે. ખેડૂતો આ કિસાન ક્રેડિટકાર્ડ થકી સરકારી અને ખાનગી બેંકો, ગ્રામીણ બેંકો તથા સહકારી મંડળીઓ પાસેથી લોન મેળવી શકશે. જે ખેડૂતો હજી સુધી કિસાન ક્રેડિટકાર્ડથી વંચીત રહ્યા હોય તેઓ આધાર કાર્ડ, પાનકાર્ડ, જમીનના દસ્તાવેજો અને પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સહિત ક્રેડિટકાર્ડની માંગણી ઓફ લાઈન અને ઓનલાઈન કરી શકશે. દૂધસાગર ડેરી સાથે જોડાયેલા પશુપાલકો અને ખેડૂતો આ કિસાન ક્રેડિટ કાર્ડ માટે અરજી કરવા માંગતા હોય તો PM કિસાન યોજનાની વેબસાઈટ ઉપર અરજી કરી શકે છે અથવા દેશની સૌથી મોટી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા તરફથી કિસાન ક્રેડિટ ફોર્મ માટે સત્તાવાર જાહેર કરાયેલી વેબસાઈટ ઉપર સંપર્ક કરી શકશે. ખેડૂત ક્રેડિટ કાર્ડ માટે બેંક, પંચાયત જિલ્લા વહિવટીય તંત્રો સાથે મળી કામ કરી રહ્યા છે.

### દૂધનો પાવડર




### સાગરદાણ (પ્લાસ્ટિક બેગ)




### સાગર (પાડીદાણ)




### સાગર મકાઈ ભરડો




# હવે ડિજિટલ બનશે દૂધસાગર

## 1503 દૂધ મંડળીઓમાં ગ્લોબલ એકાઉન્ટની તૈયારીઓ પૂરજોશમાં




મહેસાણા, પાટણ અને ગાંધીનગર જીલ્લામાં દૂધસાગર ડેરીની 1503 દૂધ મંડળીઓને હવે ડિજિટલ યુગમાં પ્રવેશ કરશે. દૂધસાગર ડેરી સાથેના રોજેરોજના હિસાબો, રોજમેળ, બેલેન્સ સીટ વગેરે નાણાંકીય વહેવારો કોમ્પ્યુટરરાઈઝડ કરવા અંગે તાલીમ આપવામાં આવી રહી છે. ડેરી દ્વારા આગામી વર્ષથી મંડળીઓમાં ગ્લોબલ એકાઉન્ટ પણ અમલમાં આવશે. ત્યારે, સહકારી દૂધ મંડળીના મંત્રી અને મેનેજરોને મહેસાણા જીલ્લા સહકારી સંઘ દ્વારા તાલીમ આપવાની શરૂઆત કરવામાં આવી છે. ગત તા.14 જાન્યુઆરીથી 14 ફેબ્રુઆરી સુધી આ તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુકરવાડા ખાતે જીલ્લા સહકારી સંઘ દ્વારા 50 દૂધ મંડળીઓના મંત્રી અને મેનેજરોને ટ્રેઈનીંગ તથા વાસ્તવિકતા થી આ અંગેના સોફ્ટવેર તથા કાર્યપદ્ધતીથી વાકેફ કરવામાં આવ્યા હતા. સહકારી તાલીમ વર્ગની પૂર્ણાહુતિના છેલ્લા દિવસે દૂધસાગર ડેરીના CS વિભાગના વડા શ્રી. ફાલ્ગુનભાઈ ચૌધરીએ મંત્રીઓના પાયાના પ્રશ્નોનું નિરાકરણ લાવી મંત્રીઓના હિતમાં દૂધસાગર ડેરીની ભૂમિકા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. પોતાના પ્રાસંગિક પ્રવચનમાં ફાલ્ગુનભાઈ ચૌધરીએ તાલીમઆર્થીઓને જણાવ્યું હતું કે ; આજના સમયમાં સમગ્ર વિશ્વ કોમ્પ્યુટર યુગમાં પ્રવેશી ચૂક્યું છે ત્યારે દૂધસાગર ડેરી પણ પોતાના સમગ્ર કાર્યક્ષેત્રને એક સૂત્રતામાં પરોવવા કટિબદ્ધ છે. હવે, આપણી મંડળીઓના તમામ હિસાબો કોમ્પ્યુટરને સહારે થાય તથા એક બીજાના વિભાગો એકબીજા સાથે સંકળાય અને સમસ્યાના નિવારણમાં એકબીજાના પૂરક બને તે ખૂબ જરૂરી હોવાથી હવે આપણે ગ્લોબલ એકાઉન્ટ અપનાવી રહ્યા છે. જેમાં કોમ્પ્યુટરની એક ક્લિકથી બેન્કિંગ વહેવારો, મહેસાણા દૂધસાગર સાથેનું જોડાણ, મંડળીનું બેલેન્સ સહિતની તમામ માહિતીઓ સરળ બને તેવી પદ્ધતિ આગામી વર્ષથી દૂધસાગર ડેરીનું અવિભાજ્ય અંગ બની રહેશે ત્યારે આ બાબતનું જ્ઞાન ખૂબજ ચીવટ અને ગંભીરતાથી દરેક દૂધ મંડળીના સંચાલકોએ અપનાવવું પડશે.

આ બાબતે પ્રકાશ પાડતાં સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ દૂધસાગર પત્રિકાને જણાવ્યું કે ; ઓનલાઈન ટેન્ડર પદ્ધતિના ફાયદા આપણે ગત ચાર વર્ષમાં જોઈ ચૂક્યા છીએ ત્યારે મંડળીઓ સાથેનું આપણું કોમ્પ્યુટર જોડાણ દૂધસાગર ડેરીને સફળતાના નવા શીખરો ઉપલબ્ધ કરાવશે એવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

## સાગર સુપ્રિમ ફેટ




## સાગર બુસ્ટર પ્લસ




## અમૂલ જીવન




## અમૂલ A૨ બફેલો મિલ્ક




### મહેસાણા – અમદાવાદ હાઈવેને મળશે હવે ...

# SAGAR BIO CNG




**સાગર બાયો CNG પ્લાન્ટનો તમામ ખર્ચ મારૂતી સુઝુકી દ્વારા કરવામાં આવશે. આ પ્લાન્ટથી માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ખેડૂતોની આવક ડબલ કરવાના સ્વપ્નને વેગ મળશે**

**દૂધ ઉત્પાદકો પાસેથી રોજનું છાણ એકત્ર કરીને તેમાંથી રોજનું 1500 કિગ્રા શુદ્ધ ગેસ ઉત્પન્ન કરાશે**

**પ્લાન્ટ માટે મારૂતી સુઝુકી ઈન્ડિયા નાણાંકીય ભંડોળ, NDDB ટેકનિકલ સહયોગ પુરો પાડશે તથા દૂધસાગર ડેરી પ્લાન્ટનું સંચાલન કરશે**

**પશુપાલકોને દૂધસાગરના આ પ્રોજેક્ટથી ગોબર (છાણ) વેચાણ થકી વધારાની આવક પ્રાપ્ત થશે**

**મહેસાણા દૂધસાગર ડેરી દ્વારા જગુદણ ખાતે સ્થાપિત થનાર આ CNG પ્લાન્ટથી ડેરી પાસે ભરપૂર માત્રામાં ઉપલબ્ધ ગોબરને (છાણને) - ઈંધણ બનાવી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વાવલંબી ભારતના સ્વપ્નને સાકાર સ્વરૂપ આપવામાં આવશે.**

મહેસાણા દૂધસાગર ડેરી, સુઝુકી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઈન્ડિયા તથા નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના સંયુક્ત ઉપક્રમે મહેસાણા જિલ્લાના જગુદણ ખાતે રૂ.50 કરોડના ખર્ચે 75 મેટ્રિક ટન કેપેસિટી ધરાવતો બાયો CNG પ્લાન્ટ સ્થાપિત કરવાની પ્રક્રિયાને હાલમાં આખરી રૂપ અપાઈ રહ્યું છે. આ પ્લાન્ટમાં પશુપાલકો પાસેથી રોજનું 75000 કિ.ગ્રા છાણ (ગોબર) એકત્રિત કરવામાં આવશે જેમાંથી રોજનો 15000 કિ.ગ્રા જેટલો શુદ્ધ બાયો CNG ગેસ ઉત્પન્ન કરવામાં આવશે જેનો CNG કિટ ધરાવતા વાહનોમાં બળતણ તરીકે ઉપિયોગ કરી શકાશે. આ પ્લાન્ટને સ્થાપિત કરવાથી આસપાસના ગામડાના ખેડૂતોને ગોબર થકી વધારાની પુરક આવક મળતી થશે. મહેસાણા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી દ્વારા ડેરીના પશુપાલકો અને ખેડૂતો તેમજ ડેરીને આર્થિક રીતે સદ્ધર બનાવવા માટે જે અનેક નિર્ણયો વિતેલા ચાર વર્ષમાં લેવાયા છે તે પૈકી આ એક મહત્વનો નિર્ણય છે જેના થકી મહેસાણા દૂધસાગર ડેરીના લાખો ખેડૂતો અને પશુપાલકો પોતાના છાણના વેચાણથી વધારાની આવક પ્રાપ્ત કરશે તેમજ ગેસ ઉત્પન્ન થયા બાદ વધેલું ખાતર જૈવિક ખાતર બનતું હોવાથી યુરિયા અને ડી.એ.પી. જેવા રાસાયણિક ખાતર પરનું અવલંબન ઓછું થવા પામશે અને પ્રાકૃતિક ખેતીને બળ મળશે. અમદાવાદ મહેસાણા હાઈવે ઉપર બનનાર આ “સાગર CNG ” પ્લાન્ટ નિર્માણ થતાં જ હજારો વાહન ચાલકોને તેનો સીધો લાભ મળશે.

## દેશી ગાયનું દૂધ




## દેશી ગાયનું ઘી




## ઘીનું જાર પેકિંગ




## દિલ્હીના બજારમાં રબડી




# નારદીપુર દૂધ મંડળીનો 51 વર્ષમાં




# નવીન દૂધઘર તથા ગોડાઉનનો શુભારંભ

તા.9 ફેબ્રુઆરી 2025 ના રોજ કલોલ તાલુકાના નારદીપુર ગામની દૂધ મંડળીએ પોતાની સ્થાપનાના 50 વર્ષની યાત્રા પૂર્ણ કરી 51 માં વર્ષમાં પ્રવેશ કર્યો હોઈ મહેસાણા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીના અધ્યક્ષ પદે સૂવર્ણ જયંતિ મહોત્સવ આયોજિત કરવામાં આવ્યો હતો. આ તબક્કે દૂધસાગર અને સરકારની સહાયથી નિર્માણ પામેલ નવીન દૂધઘર અને ગોડાઉનના પણ ચેરમેનશ્રી ના વરદ્ હસ્તે શુભારંભ કરવામાં આવ્યા હતા. નારદીપુર ગામના પશુપાલકોના ઉત્સાહ અને આનંદ વચ્ચે આયોજિત થયેલા આ કાર્યક્રમમાં દૂધસાગર ડેરીના વાઈસ ચેરમેન શ્રી. યોગેશભાઈ પટેલ, ડિરેક્ટરશ્રી. મનુજી ઠાકોર, દૂરડાના ડિરેક્ટરશ્રી. ભોલાભાઈ દેસાઈ, ભાજપ જિલ્લા મહામંત્રી શ્રી.રાજેશભાઈ પટેલ, ભૂતપુર્વ પ્રમુખ ગોપાલભાઈ પટેલ, ભીખાભાઈ પટેલ, ગાંધીનગર પશુપાલન ખાતાના અધિકારી શ્રી.એ.આઈ. પટેલ તથા શ્રેષ્ઠ દૂધ ઉત્પાદક જયરામભાઈ રબારીની સાથે આ પાવન અવસરે રાધાકૃષ્ણ મંદીરના સ્વામી શ્રી.વિવેકાનંદજી તથા વિજય હનુમાન આશ્રમ ધમાસણાના શ્રી.દંડીબાપુની પ્રેરક ઉપસ્થિતી રહી હતી.

# દૂધસાગર ડેરીના કર્મચારીના દિકરા અને MIDFT મહેસાણા ના વિદ્યાર્થીએ વટ્ટબંધ IIM અમદાવાદના દ્વારા ખખડાવ્યા


ઉત્તરાખંડના એક ગામથી IIM અમદાવાદ સુધીની મોહિતસિંહ શાહની સફર દ્રઢતા અને મહત્વકાંક્ષાની એક જીવંત વાર્તા છે. દિલ્હીની માન સાગર ડેરીમાં તેમના પિતા પહેલાં કોન્ટ્રાક્ટ ડ્રાઈવર તરીકે જોડાયા અને 2007 માં કાયમી થયા. મોહિતસિંહના માતા પણ કોઈ ફેક્ટરીમાં કામ કરીને આ બંને મા-બાપે પોતાના બે દિકરાઓને શિક્ષીત કર્યા. તેમની સંઘર્ષ ગાથાનો બીજો અધ્યાય એટલે તેમનો નાનો દિકરો અને આપણું સૌનું ગૌરવ એવા આજની વાર્તાના નાયક મોહિતસિંહ શાહ !!

કેન્દ્રિય વિદ્યાલયમાં શાળાકીય શિક્ષણ પૂર્ણ કરી મોહિતસિંહે મહેસાણાની માનસિંહભાઈ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડેરી એન્ડ ફુડ ટેક્નોલોજી (MIDFT) માંથી 2018 ના વર્ષમાં ડિસ્ટિંક્શન સાથે સ્નાતકની ડિગ્રી મેળવી અને દૂધ મોતીસાગર ડેરીમાં જુનિયર એક્ઝિક્યુટિવ તરીકે નોકરી શરૂ કરી. આ વર્ષોમાં તેઓએ AIEEA માં પ્રવેશ મેળવ્યો ત્યારબાદ, નેશનલ ડેરી રીસર્ચ ઈન્સ્ટિટયુટ (NDRI) અને ICAR કરનાલ ખાતે ડેરીમાં માઈક્રો બાયોલોજીની માસ્ટર ડિગ્રી મેળવી. 2020 માં તેઓ GCMMF માં જોડાયા ત્યારબાદ CAT પરીક્ષા પાસ કરી 2023 માં અમદાવાદની IIM માં પ્રવેશ મેળવ્યો અને હાલ તેઓ પોતાની કુશળતાથી GCMMF ના સિનીયર એક્ઝિ્યુટીવ તરીકે પ્રસંશનીય કામગીરી આપી આપણા સૌનું ગૌરવ વધારી રહ્યા છે.



# Exclusive Interview with

# અશોક ચૌધરી



> સંસ્થાના વડા તરીકે લોકો મને માન સન્માન અને આદર આપે તે એમની મહાનતા છે. પણ, તે સન્માન પાછળ રહેલા સેવાતત્વને મારે સતત યાદ રાખીને ચાલવું પડશે !! જે વૃક્ષ છાંયડો અને ફળ આપે એજ સમાજમાં સ્વિકૃત બનતું હોય છે !!

આશુતોષ શિવને સમર્પિત આજના શિવરાત્રી પર્વની વહેલી સવારે દૂધસાગર ડેરીના પ્રાંગણમાં જગતના ઝેર પી જનારા નિલકંઠ સ્વરૂપ અને દેવાધિદેવ મહાદેવ જે “શિવસાગર” નામથી બિરાજમાન છે તેમની વંદના કરવા સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ પોતાના પરિવાર સાથે આવી રહ્યા છે એની ખબર મળતાંજ દૂધસાગર પત્રિકા તરીકે ચેરમેન સાહેબ સાથે વિચારોનું આદાન પ્રદાન કરવા મળશે તે આશયથી અમે પહોંચ્યા દૂધસાગર ડેરી મહેસાણાની મનોરમ્ય અને પાવન - પવિત્ર ધરતી ઉપર !!

પોતાના પરિવાર સાથે મંદિરના ગર્ભગૃહમાં મહાદેવને જળાભિષેક અને દૂધાભિષેક કરી ચેરમેનશ્રીએ ખૂબ હળવાશ સભર અને મુક્ત મને, મંદિરના પવિત્ર વાતાવરણમાં - લીલાંછમ બગીચાના બાંકડે બેસી અમારી સાથે ઝાકળ જેવી ભીની ભીની વાતો અને સંવેદનાઓ પોતાના શબ્દોમાં પ્રગટ કરી ત્યારે ઉપસ્થિત સૌને લાગ્યું કે : આ માણસ જીવનની પેલે પાર રહેલા અગમ નિગમને - જીવનની સાચી સંપદાને ભાળી ગયો છે ! આ માણસ પાસે સચોટ આધ્યાત્મિક ઉર્જા અને ચોક્કસ દિશામાં જીવન જીવવાનો દ્રષ્ટિકોણ છે. વિચારોની દિવ્યતા અને ભવ્યતા સાથે કથની અને કરણી એક હોવી જોઈએ તેવા મક્કમ શબ્દો સાથે અશોકભાઈ ચૌધરીએ દૂધસાગર પત્રિકા સાથે જે આત્મિયતાથી વાતો કરી - તે વાતચીતના અંશો તેમના જ શબ્દોમાં અક્ષરસહઃ મુકી રહ્યા છીએ. અમને વિશ્વાસ અને ભરોસો છે કે ; ચેરમેન સાહેબ સાથેનો આ વાર્તાલાપ પત્રિકાના વાંચકોને વાંચવુ ગમશે તેની સાથે અશોકભાઈ સાહેબની આ વાતોથી જીવન જોવાનું અને જીવવાનો આપણો બધાનો દ્રષ્ટિકોણ પણ બદલાશે. શિવજીના પ્રસાદ સ્વરૂપ ચેરમેનશ્રીના શબ્દો અમારા તમામ વાંચકોના ખોળામાં સમર્પિત કરીએ છીએ.

- જુઓ, આ તો સૌ - સૌની સમજ છે અને પોત પોતાની સમજથી સૌ અલગ અલગ વિચારે છે. બાકી, દૂધસાગર ડેરીનો વહિવટ સંભાળ્યો ત્યારથી મારી અને આપણી હરિફાઈ કોઈ બીજા સાથે છે જ નહીં ! આપણે જ આપણા હરિફ છીએ. આપણે આપણી જ સામે સ્પર્ધામાં ઉતર્યા છીએ. આપણે જ આપણા રેકોર્ડ તોડવાના છે અને આપણે જ નવા રેકોર્ડ પ્રસ્થાપિત કરવાના છે.
- દૂધસાગર પોતાના સ્વાદ અને સુગંધથી ઓળખાય છે. ગુણવત્તા (ક્વોલિટી) ની દ્રષ્ટિએ આપણે હંમેશા મોટા રહેવાનું છે. પ્રોડક્ટસ ની ક્વોલીટી હોય કે વહિવટની ? અહીં સમાધાનને કોઈ અવકાશ નથી. એક મહાન સંસ્થાનો કાર્યભાર આપણા માથે હોય ત્યારે આપણું સર્વસ્વ તેના ઉપર ન્યોછાવર કરવાનું જ હોય !
- ભૂતકાળના ભવ્ય કામો અથવા તો ભૂતકાળમાં કોઈનાથી થયેલી ભૂલો ... એ બધા ઉપરથી આપણે શીખવાનું છે. ઈમારતના પાયામાં રહેલી ઈંટો મજબૂત હોય તો - બારી બારણાં બદલવામાં કોઈ જોખમ નથી. પણ હા, હવે આપણે એવા બારી બારણાં નથી બનાવવાના કે કોઈને આપણાં કરેલા કામોની નિંદા કરવાનો મોકો મળે !
- ભગવાન આપણને માફ ન કરે - આ કોઈ ભાષણ બાજીનો શબ્દ કે વાક્ય નથી. જાણી જોઈને બદ ઈરાદે ખોટા કામ કરીએ તો વાસ્તવમાં ભગવાન પણ માફ ના કરે. અને, ખોટા કામ કરવાના ઈરાદે ભાષણોમાં ભગવાનનું નામ વટાવીએ તો ઈશ્વરનો ન્યાય આપણને આકાશમાંથી ધરતી ઉપર અને ધરતી ઉપરથી પાતાળમાં પટકી દે ! આ વાતના અનેક પૂરાવાઓ આપણી સમક્ષ હાજર છે.
- હું રોજ સવારે નાહી ધોઈને મારા ઘર મંદિરમાં ભગવાન પાસે જાઉં છું અને, કહું છુ કે, મને મળેલ માન સન્માન માટે ભગવાન તમારો આભાર ! પણ એ વખતે મારે યાદ રાખવું જોઈએ કે બે કલાક પહેલાં પરોઢિયે ચાર વાગ્યે ઉઠી મારી લાખો બહેનોએ પોતાની શ્રમ પ્રાર્થના કરી લાખો લીટર દૂધ આપણી ડેરીમાં ઠાલવી દીધું હોય છે !! મારી પ્રાર્થના કરતાં એમની પ્રાર્થના મહાન છે. તે માતા-બહેનો મારા માટે પ્રાર્થનામાં દૂવાઓ માગશે તો મારો કાચો નખ નહીં કપાય પણ જો તે, તેમની પ્રાર્થનામાં મારા માટે નિસાસા નાખશે તો ઈશ્વર પણ મને રફેદફે થતાં નહીં રોકી શકે !!

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.

આસ્થા ડિજીટલ, મહેસાણા